# ઝોમાટો હૅક: ૧.૭ કરોડ લોકોના ઇ-મેલ ચોરાયા

*નવી દિલ્હી:* ઓનલાઇન રેસ્ટોરાં ગાઇડ અને ખાદ્યપદાર્થનો ઓર્ડર આપવામાં સહાયક 'એપ' ઝોમાટોએ ૧૮મીમેએ કહ્યું હતું કે ૧.૭ કરોડ વપરાશકારોના રેકોર્ડ અમારા ડેટાબેઝમાંથી ચોરાયા છે.

ચોરી કરાયેલી માહિતીમાં ઇ-મેલ એડ્રેસ અને હેશ્ડ પાસવર્ડનો સમાવેશ થાય છે. જોકે ચૂકવણી સંબંધિત કોઈ જ માહિતી ચોરાઇ નથી કે ક્રેડિટ ડેટા ચોરાયો કે લીક નથી થયો, એમ ઝોમાટોએ વેબસાઈટ પર જણાવ્યું છે.

રેન્સમવેર 'વૉનાક્રાય'એ કરેલા સાયબર એટેકમાંથી બહાર આવવા વિશ્વ મથામણ કરી રહ્યું છે ત્યારે ઉક્ત રિપોર્ટ બહાર આવ્યો છે. વન્નાક્રાયની ૧૫૦ કરતાં વધારે માહિતી તંત્રજ્ઞાન (આઈટી) નેટવર્ક પર અસર પડી છે.

અમારી સુરક્ષા ટીમે તાજેતરમાં આ ડેટા ચોરી પકડી પાડી છે. તેમાં તેમણે ચોક્કસ સમયનો સંકેત આપ્યો નથી કે તે વન્નાક્રાય રેન્સમવેર હુમલા સાથે સંલગ્ન છે કે કે કેમ તે પણ જાણકારી આપી નથી.

અમારી ટીમ તમામ સંભવિત ભંગનું સ્કેનીંગ કરે છે તેમ જ કોઈ ઉણપ રહી જતી હોય તો તે ગાળો ભરવાના પ્રયાસો કરે છે. આ તો આંતરિક માનવીય સુરક્ષા ભંગ લાગે છે. કેટલાક કર્મચારીઓના ખાતામાં છેડછાડ કરાઈ હોવાનું જાણવા મળ્યું છે, એમ તેમણે ઉમેર્યું હતું.

ઝોમાટો અંગે આપના ક્રેડિટ કાર્ડની માહિતી સંપૂર્ણપણે સુરક્ષિત છે, એવી વપરાશકારોને માહિતી આપ્યા બાદ ઉક્ત કંપનીએ કહ્યું હતું કે ઉચ્ચ સ્તરીય સુરક્ષા ધરાવતા પીસીઆઈ ડેટા સિક્યોરીટી સ્ટાન્ડર્ડ (ડીએસએસ) ફરિયાદ વોલ્ટમાં સલામત છે. તે વ્યવસ્થા આ ચોરાયેલા ડેટાથી અલગ સાચવણીની છે.

સાવચેતીના પગલાંરુપે ઝોમાટોએ કહ્યું કે તમામ સંબંધિત વપરાશકારો માટે અમે પાસવર્ડને રીસેટ કર્યો છે. સઘળા વપરાશ એકાઉન્ટ્સ એકદમ સલામત છે. (એજન્સી)■







**ડબલડેકર ઘરમાં ડબલ હરખ:**

એક ભેજાબાજે ડબલડેકર બસનું ત્રણ ખંડના શયનખંડવાળા ઘરમાં જોવા જેવું રૂપાંતર કરીને તેમાં આરામથી વસે છે! ૨0000 પાઉન્ડનું લિફ્ટ ધરાવતું આ ઘર જગબત્રીસીએ ચડ્યું છે. કેમ્બ્રિજશાયરનો રીક હન્ટ વિકલાંગ પત્ની સહિત ૪ જણના કુટુંબ સાથે તેમાં આરામથી વસે છે. તેને બે સંતાન છે. તેણે ૩૬00 પાઉન્ડમાં ભંગાર જેવી બસ ખરીદીને રસોડું, ભોજન વિસ્તાર, બેઠક વગેરે ધરાવતું ઘર બનાવ્યું છે. બસ ગતિમાન હોય ત્યારે આ નિહાળવાનો લહાવો લેવા જેવો છે. તે ચેનલ-ફોરના 'હાઉ ટુ લિવ મોર્ગેજ ફ્રી' નામક કાર્યક્રમમાં મુલાકાત માટે તૈયારી કરી હતી. તેને અને તેની પત્ની આમન્ડાને સસ્તામાં મજાનું ઘર મળ્યું છે.

# મને પ્રેમ કરતા હો તો વૃક્ષ વાવજો...

## અનિલ દવેએ વસિયતમાં લખ્યું: મધ્ય પ્રદેશમાંનું તેમનું ગામ શોકમાં ગરકાવ

*ભોપાલ:* કેન્દ્રીય પ્રધાન અનિલ દવેનું અચાનક નિધન થતાં મધ્ય પ્રદેશની જનતા શોકમાં ગરકાવ છે. ખબર મળતાં જ અત્રેના તેમના 'નદી કા ઘર' નિવાસ સ્થાને શોકસંતપ્ત લોકોનાં ટોળેટોળાં ઊમટી રહ્યાં છે. તેમનો પર્યાવરણ પ્રેમ જાણીતો છે અને તેમણે તેમની વસિયતમાં પણ લખ્યું છે કે જો તમે ને પ્રેમ કરતા હો તો વૃક્ષ વાવજો.

નવી દિલ્હીમાં ૧૮મી મેએ સવારે તેમનું અવસાન નીપજ્યાં બાદ મધ્ય પ્રદેશ રાજ્ય સરકારે બે દિવસનો રાજકીય શોક જાહેર કર્યો છે. તેમના અચાનક મરણ અંગે વિવિધ રાજકીય પક્ષના નેતાઓએ દુ:ખ વ્યક્ત કર્યું છે.

તેમનું નદી કા ઘર નામક આવાસેથી નર્મદા સમગ્ર નામક બિનસરકારી સંગઠન (એનજીઓ) પણ ચાલે છે. મધ્ય પ્રદેશની જીવાદોરી લેખાતી નર્મદા નદીની જાળવણી માટે આ એનજીઓ કાર્યરત છે.

ભાજપની ૨૦૦૩માં મધ્ય પ્રદેશ રાજ્ય સરકાર માટેનું શ્રેય વ્યૂહ ગોઠવવામાં વિશારદ લેખાતા દવેને ફાળે જાય છે. કૉંગ્રેસના મુખ્ય પ્રધાન દિગ્વિજય સિંહ સામે ભાજપે જોરદાર અને સફળ ચૂંટણી અભિયાન છેડ્યું હતું.

ભાજપના પ્રવક્તા રજનીશ અગ્રવાલે કહ્યું કે દવેનો પર્યાવરણ પ્રેમ અને જળાશયોના જતન અર્થે આદરેલી કામગીરીનાં સંસ્મરણો સદાય રહેશે. તેમણે ૨૩-૭-૨૦૧૨ને દિને લેખિતમાં અંતિમ ઈચ્છા જણાવી હતી કે મને પ્રેમથી યાદ કરીને સંભારણાં વાગોળવા હોય તો વૃક્ષો વાવજો અને હરિયાળીને ઉગારજો. મને અનહદ આનંદ થશે. નદી અને જળાશયોની જાળવણીના મહત્તમ પ્રયાસો કરજો અને તેમ કરવામાં મારા નામનો વપરાશ ન કરતા. (એજન્સી) ■

## મૃદુભાષી અને વિદ્વાન: દવેને નેતાઓની અંજલિ

*નવી દિલ્હી:* ભાજપનાં દિવંગત પ્રધાન અનિલ માધવ દવેને તમામ પક્ષના નેતાએ ભાવભરી શ્રદ્ધાંજલિ આપતા એમને મૃદુભાષી, ઇમાનદાર અને વિદ્વાન તરીકે યાદ કર્યા હતા. રાજ્યકક્ષાના પર્યાવરણ, જંગલ વિભાગના કેન્દ્રીય પ્રધાન અને ભાજપનાં ૬૦ વર્ષનાં નેતા દવેનું ગુરુવારે સવારે અચાનક અવસાન થવાથી સૌને આઘાત લાગ્યો હતો. વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ઉપરાષ્ટ્રપતિ હમીદ અન્સારીએ પણ તેમને શ્રદ્ધાંજલિ અર્પી હતી.

કૉંગ્રેસના પ્રમુખ સોનિયા ગાંધીએ દવેના કુટુંબીઓ, મિત્રો અને ટેકેદારોને એમનાં મોત બદલ વસવસો પ્રગટ કરતા જણાવ્યું હતું કે એમને નમ્ર વ્યક્તિ અને મૃદુભાષી તરીકે હંમેશ પ્રેમથી યાદ કરવામાં આવશે. કૉંગ્રેસના પ્રમુખ રાહુલ ગાંધીએ ટ્વિટર પર જણાવ્યું હતું કે દવેજીનાં અવસાનના સમાચાર જાણીને ઘણું દુ:ખ થયું. નર્મદાની જાળવણી માટે એમણે થાક્યા વગર ઘણું કામ કર્યું હતું. એમનાં કુટુંબને મારા તરફથી શ્રદ્ધાંજલિ.

આ સિવાય એમને કૉંગ્રેસના રાજ્યસભામાં વિરોધપક્ષનાં નેતા ગુલામ નબી આઝાદ, લોકસભામાં વ્હીપ જ્યોતિરાદિત્ય સિંધિયા, સીપીઆઇ (એમ)નાં મહામંત્રી ડી. રાજા, પશ્ચિમ બંગાળના મુખ્ય પ્રધાન મમતા બેનરજી, મહારાષ્ટ્રનાં મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ, ગોવાનાં મુખ્ય પ્રધાન મનોહર પર્રિકર, હરિયાણાના મુખ્ય પ્રધાન મનોહરલાલ ખટ્ટર સહિત અનેક નેતાએ ભાવભરી શ્રદ્ધાંજલિ આપી હતી. (એજન્સી)■

## આરજેડીની રેલી પહેલાં જ લાલુની ધરપકડ થશે

*કૃષ્ણમોહન સિંહ*

*નવી દિલ્હી:* બિહારના રાષ્ટ્રીય જનતા દળ (રાજદ)ના નેતા લાલુપ્રસાદ યાદવ, તેમના કુટુંબીજનો અને સહયોગીઓ પર આવકવેરા (આઈટી) વિભાગે આવકના પ્રમાણમાં વધારે અને અસંગત સંપત્તિના મામલે દરોડા પાડ્યા બાદ લાલુ પ્રસાદ યાદવે ૨૮મી ઑગસ્ટના દિને બિહારના પટણાના ગાંધી મેદાનની રેલીમાં આવવા સઘળા બિન-ભાજપી પક્ષોના નેતાઓને આમંત્રણ દેવાનું અભિયાન ઝડપી બનાવ્યું છે. સારી જોગવાઈ અને ગોઠવણ કરીને ભાજપ તથા તેની સરકારો પર વળતો પ્રહાર કરી શકાય તે માટે આ અભિયાન છેડ્યું છે. જોકે 'ભાજપ ભગાવો, દેશ બચાવો રેલી' પૂર્વે લાલુપ્રસાદની ધરપકડ થવાની શક્યતા છે. કેન્દ્ર સરકાર તેમની આ હિલચાલમાં પલીતો ચાંપવાનું કામ કરી શકે એમ છે. ■

## માનવ માંસના ફેક ન્યૂઝ: ઇંગ્લેન્ડમાં ભારતીયને રેસ્ટોરાં બંધ

*લંડન:* ઇંગ્લેન્ડમાં છ દાયકાથી પણ જૂની ભારતીય રેસ્ટોરાંનો એક ફેક રિપોર્ટ સોશિયલ મીડિયા પર વાઈરલ થયો છે, જેમાં દાવો કરવામાં આવ્યો છે કે, રેસ્ટોરાંમાં માનવ માંસ પીરસાય છે. આ રિપોર્ટ ફેસબુક પર વાઈરલ થયા બાદ હવે રેસ્ટોરાં માલિકને તેને બંધ કરવા માટે મજબૂર થવું પડ્યું છે. માનવ માંસ વેચવાનો આ લેખ એક ફેક (ટીખળ) ન્યૂઝ સાઈટ પરથી વાઈરલ થયો છે, જેના પર કોઈ પણ અજાણ્યો યુઝર્સ સોશિયલ મીડિયા પર પોતાની સ્ટોરીને શેર કરતા પહેલાં પોતાના નકલી સમાચાર સબમીટ કરી શકે છે, જો કે, દક્ષિણ પૂર્વ લંડનમાં આવેલી રેસ્ટોરાંના માલિક શિનરા બેગમ છે.

શિનરા બેગમે જણાવ્યુ હતું કે, લોકોએ ઈમારતમાં તોડફોડ કરવાની ધમકી આપી છે. ■

# સિટી ન્યૂઝ



**આધુનિકતાનું આગવું રૂપ....**

આજના આધુનિક યુગમાં જીવન બહુ સગવડભર્યું થઇ ગયું છે તેનું ઉત્તમ ઉદાહરણ તસવીરમાં જણાય છે, જેમાં એક વ્યક્તિ લૅપટોપ પર કામ કરતી વખતે યુએસબીની મદદથી હવા ખાઇ રહી છે. (અમય ખરાડે)

## દેશના ગંદા રેલવે સ્ટેશનમાં 'દાદર'નો પણ સમાવેશ

*મુંબઇ:* તાજેતરમાં રાષ્ટ્રીયસ્તરે કરવામાં આવેલા સ્વચ્છ રેલવે સ્ટેશનના સર્વેક્ષણમાં શહેરના દાદર રેલવે સ્ટેશનને દેશના ગંદા રેલવે સ્ટેશનમાં સ્થાન મળ્યું છે. દાદર તેના ૧૦૨મા સ્થાનેથી પછડાઇને ૩૩૦મા સ્થાને પહોંચી ગયું છે. આ સર્વેક્ષણમાં દેશના ૪૦૭ રેલવે સ્ટેશનનો સમાવેશ કરવામાં આવ્યો હતો. દેશના મુખ્ય ૭૫ સ્ટેશનમાં દાદરનો ક્રમાંક ૭૦મો છે. વર્ષ ૨૦૧૬માં દાદર ૨૫મા ક્રમે હતું. આમ, દાદરની ગણના મુંબઇના સૌથી ગંદા રેલવે સ્ટેશનમાં થઇ છે. આ સર્વેક્ષણ ક્વૉલિટી કાઉન્સિલ ઓફ ઇન્ડિયા દ્વારા હાથ ધરવામાં આવ્યું હતું.

પ્લેટફોર્મ પર આવેલા શૌચાલય, કચરાપેટી, રેલવે ટ્રેકની જાળવણી વગેરેનો આ સર્વેક્ષણમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. ઉપરાંત મુસાફરોના મત લેવામાં આવ્યા હતા.

આ સર્વેક્ષણમાં વિશ્વના વ્યસ્ત રેલવે સ્ટેશનમાં જેનો સમાવેશ થાય છે એવા સીએસટી સ્ટેશન પર પાયાની જરૂરિયાતોનો અભાવ જોવા મળ્યો હતો. સીએસટી પર પરાંના અને મુખ્ય લાઇનના મુસાફરો વચ્ચે એક જ શૌચાલય છે. સલામતીની દૃષ્ટિએ પણ સીએસટી ઘણું પાછળ છે.

સીએસટી કરતાં ઓછી અવરજવર ધરાવતા લોકમાન્ય ટિળક ટર્મિનસ (એલએલટી) ખાતે સલામતીની વ્યવસ્થા સીએસટીની સરખામણીએ સહેજ સારી કહી શકાય, પરંતુ અહીં પણ ગંદકીનો પાર નથી. રેલવેએ જોકે, સીએસટી ખાતે વધુ સુવિધા ઊભી કરવાનો દાવો કર્યો છે ખરો. સીએસટી સ્ટેશન પર વહેલી તકે એક્સેલેટરની સુવિધા ઊભી કરવામાં આવશે, એમ રેલવે અધિકારીએ જણાવ્યું હતું.

સર્વેક્ષણમાં એલએલટીનો ૨૭૮મો ક્રમાંક છે. વર્ષ ૨૦૧૬માં એલએલટી ૮૫મા સ્થાને હતું. સીએસટીનો આ વર્ષે ૧૫૩મા સ્થાને સમાવેશ કરવામાં આવ્યો છે. ગયા વર્ષે સીએસટીનો ક્રમાંક ૧૨૯ હતો. ■

## સાંતાક્રુઝમાં મણિપુરી યુવકે ગળાફાંસો ખાધો

*મુંબઈ:* ૨૧ વર્ષના મણિપુરી યુવકે સાંતાક્રુઝ વિસ્તારમાં ગળાફાંસો ખાઇને જીવનનો અંત આણ્યો હતો. ગુરુવારે સવારે બનેલી આ ઘટનાને પગલે વાકોલા પોલીસે એડીઆર દાખલ કરીને વધુ તપાસ આદરી હતી. પોલીસના જણાવ્યા અનુસાર સાંતાક્રુઝના વાકોલા વિસ્તારમાં કાલિના કોળીવીર વિલેજ ખાતે એક વર્ષથી ભાડાની રૂમમાં રહેનારો સુહા સુહાન (૨૧) અગાઉ હોટેલમાં કામ કરતો હતો.

મણિપુરના વતની સુહા સુહાનના પિતાનું અવસાન થયું હતું, જ્યારે માતા નાનપણમાં તેને છોડીને જતી રહી હતી. દરમિયાન બે મહિનાથી બેરોજગાર સુહા સુહાન નોકરીની શોધમાં હતો. જોકે નોકરી ન મળતાં તે હતાશ થયો હતો. બુધવારે મોડી રાતે તે ઘરે આવ્યો હતો અને બાદમાં તેણે ગળાફાંસો ખાઇ લીધો હતો. ગુરુવારે સવારે તેના મિત્રને આ અંગેની જાણ થતાં તેણે પોલીસને તેની માહિતી આપી હતી, જેને પગલે વાકોલા પોલીસ સ્ટેશનના અધિકારીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હૉસ્પિટલમાં પાઠવ્યા બાદ આ પ્રકરણે એડીઆર દાખલ કરીને તપાસ આદરી હતી. ■

## રીઢા ગુનેગારની હત્યા: વધુ બે આરોપી પકડાયા

*મુંબઈ:* અંધેરી વિસ્તારમાં રીઢા ગુનેગારની હત્યાના કેસમાં ડી.એન. નગર પોલીસે વધુ બે આરોપીને ઝડપી પાડ્યા હતા. મોહંમદ તારીક શેખ અને નઇમ મોહંમદ હુસૈન શેખ નામના બંને આરોપીને સ્થાનિક અદાલતમાં હાજર કરવામાં આવતાં તેમને ૨૪ મે સુધીની પોલીસ કસ્ટડી ફટકારાઈ હતી. અંધેરી વિસ્તારમાં રીઢા ગુનેગાર એવા મોહંમદ અંજુમ વઢારીની બે દિવસ પહેલા ટોળાએ હત્યા કરી હતી. ટોળાએ કરેલા હુમલામાં અંજુમના બે મિત્ર સાદિક અલી શેખ અને મોહસીન મહેબૂબ શેખને ઇજા પહોંચી હતી. આ ઘટનાને પગલે ડી.એન. નગર પોલીસે હત્યા, હત્યાના પ્રયાસ અને દંગલનો ગુનો દાખલ કરીને કાસમ શબ્બીર શેખ, જાહીદ હુસૈન શેખ સહિત ત્રણ જણની ધરપકડ કરી હતી. ત્રણેયની પૂછપરછમાં અન્ય આરોપીઓનાં નામ બહાર આવ્યાં હતાં. ■

## સરકારનાં ઍરક્રાફ્ટ્સ ચાર વર્ષથી ધૂળ ખાય છે, જ્યારે વીઆઇપીઓને વિમાનસેવા પૂરી પાડવા બે કંપનીને મંજૂરી

*મુંબઈ:* વીઆઇપીઓને ખાનગી વિમાન સેવા આપવા માટે રાજ્યસરકાર દ્વારા તાજેતરમાં બે ઍવિયેશન કંપનીને મંજૂરી આપવામાં આવી હતી જ્યારે રાજ્યની માલિકીના વિમાનો અને હૅલિકૉપ્ટરો ચાર વર્ષથી ધૂળ ખાઇ રહ્યા છે.

આ વિમાનો અને હૅલિકૉપ્ટરોને મેઇન્ટેનન્સની જરૂર છે અને તેની માટે મોટો ખર્ચ અંદાજિત છે. આ સિવાય પાઇલટો પણ ઉપલબ્ધ ન હોવાને કારણે ઘણા વખતથી તે નિષ્ક્રિય પડ્યા છે, એમ જનરલ એડમિનિસ્ટ્રેશન ડિપાર્ટમેન્ટ (જીએડી)ના સૂત્રોએ જણાવ્યું હતું.

રાજ્ય સરકારના કાફલામાં બે વિમાન અને બે હૅલિકૉપ્ટર છે જેમાં બીચક્રાફ્ટ સુપર કિંગ ઍર ૩૫૦ કાર્યરત છે અને સિટેશન એક્સેલ વિમાન સેવામાંથી પાછું ખેંચી લેવામાં આવ્યું છે. આ સિવાય ડૉફિન હૅલિકૉપ્ટરને સેવામાંથી પાછું ખેંચી લેવામાં આવ્યું છે અને સર્કોસ્કી હૅલિકૉપ્ટર કાર્યરત છે. ઉડ્ડયન ક્ષેત્રના નિષ્ણાતોનું કહેવું છે કે જે હૅલિકૉપ્ટર સેવામાંથી પાછું ખેંચી લેવામાં આવ્યું છે તેનો વાર્ષિક મૅન્ટેનન્સ ખર્ચ રૂ. ત્રણ કરોડ છે. વીઆઇપીઓને ખાનગી વિમાનસેવા પૂરી પાડવા માટે ઍડોનિસ ઍવિએશન એન્ટરપ્રાઇસ અને ઍલોફ્ટ ઍવિએશન પ્રા. લિ. એમ બે કંપનીને મંજૂરી આપતો સરકારી ઠરાવ જીએડી દ્વારા ચોથી મેના રોજ રજૂ કરવામાં આવ્યો હતો.

સેવામાંથી પાછા ખેંચાયેલા વિમાનો અને હૅલિકૉપ્ટરોમાં મુખ્ય સમારકામની જરૂર છે, પરંતુ તેનો ખર્ચ નવા વિમાનના ૮૦ ટકા જેટલો થશે. નાના વિમાનો સામાન્ય રીતે ૫,૦૦૦ કલાક અથવા દસ વર્ષ સુધી સેવામાં રહી શકે છે, પરંતુ સેવામાંથી પાછા ખેંચાયેલા એક વિમાને વીસ વર્ષ પૂરા કર્યા છે, જ્યારે અન્ય વિમાને ૧૮ વર્ષ પૂરા કર્યા છે, એમ સૂત્રોએ જણાવ્યું હતું.■

## થાણેથી ₹ એક કરોડની જૂની નૉટો જપ્ત : ત્રણની ધરપકડ

થાણે : પોલીસે ત્રણ વ્યક્તિ પાસેથી રૂપિયા એક કરોડની રદ કરાયેલી નૉટો જપ્ત કરી હતી. બાદમાં ત્રણેયની ધરપકડ કરવામાં આવી હતી.

કેસની વિગત મુજબ મુંબ્રા ટાઉનશીપમાં પારસીક સર્કલ ખાતે એક કારમાંથી પોલીસને રૂ. એક કરોડની રદ કરાયેલી પાંચસો અને હજારની નૉટો મળી આવી હતી. આ ગુનામાં સંડોવાયેલી એક મહિલા સહિત ત્રણ વ્યક્તિની ધરપકડ કરવામાં આવી હતી. આ મહિલા એક ખાનગી બૅંકની કર્મચારી હોવાનું થાણે પોલીસે જારી કરેલા અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું.

ત્રણેય આરોપીએ રદ કરાયેલી નૉટો કેટલાક બિલની સામે બદલાવી લેવાની યોજના બનાવી હતી. ત્રણેય આરોપીઓ સામે ગુનો નોંધવામાં આવ્યો હતો, એમ થાણે પોલીસના પીઆરઓ સુખંદા નારકરે જણાવ્યું હતું. જપ્ત કરવામાં આવેલી નૉટો ક્યાંથી લાવવામાં આવી હતી તેની તપાસ ચાલી રહી છે. (એજન્સી)■

## જુહુ દરિયામાં તરુણ તણાઈ ગયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

*મુંબઈ:* જુહુના દરિયામાં ગુરવારે સાંજે ફરવા આવેલા બે ટીનએજરો મોજા સાથે તણાઈ ગયા હતા જેમાં એકને બચાવી લેવામાં આવ્યો હત હતી, તો બીજાની મોડી રાત સુધી ફાયરબ્રિગેડે શોધખોળ કરી હતી પણ તેનો મોડે સુધી પત્તો લાગ્યો નહોતો. ફાયરબ્રિગેડના જણાવ્યા મુજબ જુહુ તારા રોડ પર દરિયામાં ગુરુવારે સાંજે બે ટીનએજરે દરિયામાં ન્હાવા ગયા હતા અને મોજા સાથે તણાઈ ગયા હતા. બંનેમાંથી ૧૪ વર્ષના અનસ મિર્ઝા નામના ટીનએજરને બચાવી લેવામાં સફળતા મળી હતી. તો ૧૫ વર્ષનો હસન શેખ નામનો ટીનએજર અંદર તણાઈ ગયો હતો. ■


**૧૯મી પુણ્યતિથિએ હાર્દિક શ્રદ્ધાંજલિ**



**સ્વ. મોતીબેન છોટાલાલ પારેખ**
સ્વર્ગવાસ: તા. ૧૯.૫.૧૯૯૮

*મીઠાં મધુ ને મીઠાં મેહુલા રે લોલ...*
*એથી મીઠી તે મોરી માત રે...*
*જનનીની જોડ બીજે નહિ જડે રે લોલ...*

**પૂજ્ય બા,**

આપની વિદાયને આજે ઓગણીસ વર્ષ પૂરા થાય છે, અમો સર્વે આપને અશ્રુભીની આંખે શ્રદ્ધાંજલિ અર્પીએ છીએ. જેમ ચંદન જાતે ઘસાઇને અન્યને સુગંધ અને શીતળતા બક્ષે છે તેમ આપે નાનપણથી છેક જીવનના અંત સુધી મહેનત કરી અમને સુખનાં સાગરમાં તરતા મૂકી ગયા. આપનો પ્રેમાળ સ્વભાવ, કુટુંબવાત્સલ્ય, સહનશીલતા અમારા માટે પ્રેરણાદાયક બની રહેશે.

પરમકૃપાળુ પરમાત્મા આપના પવિત્ર આત્માને શાશ્વત શાંતિ અર્પે તેમજ આપના આર્શીવાદ હંમેશાં અમારી સાથે રહે એજ પ્રાર્થના.

લિ.
આપના પુત્રો, પુત્ર-વધૂઓ, પુત્રીઓ, જમાઇઓ, પૌત્રો, પૌત્રવધૂઓ, પૌત્રીઓ, પ્રપૌત્ર, પ્રપૌત્રી, સમસ્ત પારેખ પરીવાર
તેમજ
**સી. બી. પારેખ એન્ડ કં.**
મુંબઇ - ૪૦૦ ૦૦૨
ના સ્ટાફ સભ્યો